# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-09-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

******************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભારતને ફરી એકવાર વૈશ્વિક વેપાર અને જ્ઞાનનું કેન્દ્ર બનાવવા અપીલ કરી.

2) શ્રમ અ ને રોજગાર મંત્રાલયે યુવાનો માટે રોજગાર અને કૌશલ્ય વિકાસ વધારવા માટે એક ખાનગી કંપની સાથે સમજૂતી કરાર કર્યા.

3) ગુજરાત વિધાનસભાનું ત્રણ દિવસનું ચોમાસુ સત્ર આજથી શરૂ. સત્રમાં પાંચ વિધેયક રજૂ કરાશે.

4) શ્રી માતા વૈષ્ણો દેવીની યાત્રા આજે સતત 14મા દિવસે પણ પ્રતિકૂળ હવામાન અને ભૂસ્ખલનને કારણે સ્થગિત.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PREZ. - EEPC EARLY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભારતને ફરી એકવાર વૈશ્વિક વેપાર અને જ્ઞાનનું કેન્દ્ર બનાવવા અપીલ કરી. રાષ્ટ્રપતિ નવી દિલ્હીમાં એન્જિનિયરિંગ એક્સપોર્ટ્સ પ્રમોશન કાઉન્સિલ **EEPC** ના 70 વર્ષની ઉજવણીમાં સંબોધન કરી રહ્યા હતા. તેમણે ભારતીય અર્થતંત્રને વધુ આત્મનિર્ભર અને નિકાસમાં શ્રેષ્ઠ બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

## (BYTE: PRESIDENT--INDIA-IN-GLOBAL-CHAIN)

તેમણે કહ્યું કે કોવિડ દરમિયાન આત્મનિર્ભર ભારત માટે નાખવામાં આવેલ પાયો સતત ફળદાયી રહ્યો છે. તેમણે વૈશ્વિક અસ્થિરતાની અસર રાષ્ટ્રીય અર્થતંત્ર પર સૌથી ઓછી અનુભવાય તે આત્મનિર્ભર ભારતનું એક મુખ્ય પરિમાણ છે તેમ કહ્યું હતું.

. . . . . . . . . . . . .

# MOU- MANDAVIYA

શ્રમ અને રોજગાર મંત્રાલયે આજે નવી દિલ્હીમાં યુવાનો માટે રોજગાર અને કૌશલ્ય વિકાસ વધારવા માટે એક ખાનગી કંપની સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા.

કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાની ઉપસ્થિતિમાં આ સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. આ પ્રસંગે બોલતા , ડૉ. માંડવિયાએ મજબૂત અને આત્મનિર્ભર ભારતના મુખ્ય સ્તંભ તરીકે રોજગાર સર્જનના મહત્વ પર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે ખાનગી પ્લેટફોર્મ સાથે સહયોગ રોજગારની તકો સાથે કૃષિ , સેવા અને માળખાગત સુવિધાઓ જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોનો વિકાસ કરીને રાષ્ટ્રના અર્થતંત્રને પણ મજબૂત બનાવશે.

. . . . . . . . . . .

# VIDHANSABHA FIRST DAY

ગુજરાત વિધાનસભા સત્રના પહેલા દિવસનો પ્રારંભ આજે પ્રશ્નોત્તરી કાળથી થયો. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે , ગૃહમાં મુખ્યમંત્રી હસ્તકના મહેસૂલ, શહેરી વિકાસ, માર્ગ અને મકાન, ગૃહ અને પંચાયત તથા રમતગમત યુવા અને સાંસ્કૃતિક બાબતો સહિતના વિભાગના પ્રશ્નો પર ચર્ચા થઈ રહી છે.

એક કલાકના પ્રશ્નોત્તરી કાળ બાદ શોકદર્શક ઉલ્લેખ રજૂ કરાશે. પૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગીય વિજય રૂપાણી સહિત અમદાવાદની વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવનારા લોકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી છે . શોકદર્શક ઉલ્લેખ બાદ કાગળ અને મંજૂરી મળેલા ખરડાઓ વિધાનસભા મેજ પર મુકાશે.

ઉપરાંત કામકાજ સલાહકાર સમિતિનો અહેવાલ , વસ્તુ અને સેવા કર- GST સુધારા ખરડો, ગુજરાત જનવિશ્વાસ જોગવાઈઓનો સુધારા ખરડો ગૃહમાં રજૂ થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# BULLET TRAIN PROJECT

નેશનલ હાઇ-સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડે તાજેતરમાં મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન કોરિડોર માટે મહારાષ્ટ્રના દહાણુના સખારે ગામમાં 40 મીટર લંબાઈનો પ્રથમ ફુલ સ્પાન લોન્ચ કર્યો.

બુલેટ ટ્રેન કોરિડોરનો મહારાષ્ટ્ર સેગમેન્ટ 156 કિમી લાંબો છે , જેમાં શિલફાટાથી મહારાષ્ટ્ર અને ગુજરાત સરહદ ઝરોલી ગામ સુધીનો 135 કિમીનો એલિવેટેડ રૂટ શામેલ છે. આ 103 કિમીનો એલિવેટેડ સેગમેન્ટ , જેને વાયડક્ટ કહેવાય છે , તે બે હજાર 575 ફુલ સ્પાન ગર્ડર્સ જેની લંબાઇ 40 મીટરની અને લગભગ 970 મેટ્રિક ટન વજનનો બાંધવામાં આવશે.

અન્ય માળખામાં 17 કિમીના સેગમેન્ટલ ગર્ડર્સ , 2.3 કિમીના 1.5-મીટર-લાંબા અને 1.6 કિમીના 1.5-મીટર-લાંબા પુલનો સમાવેશ થાય છે. તેમાં સ્ટીલ પુલ, ત્રણ સ્ટેશન, સાત પર્વતીય ટનલ અને ખાસ માટીના માળખાનો સમાવેશ થાય છે.

શિલફાટા અને ગુજરાત-મહારાષ્ટ્ર સરહદ વચ્ચે કુલ 13 કાસ્ટિંગ યાર્ડનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાંથી પાંચ હાલમાં કાર્યરત છે.

. . . . . . . .

# BIHAR-WOMEN-S-SCHEME

બિહારમાં મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજના શરૂ કરવામાં આવી . આ યોજનાનો ઉદ્દેશ્ય મહિલાઓને પૂરતી રોજગારીની તકો પૂરી પાડવાનો છે. મુખ્યમંત્રી નીતિશ કુમારે આ યોજનાનું પોર્ટલ લોન્ચ કર્યું હતું અને તેના વિશે જાગૃતિ લાવવા માટે અનેક વાહનોને લીલી ઝંડી આપી હતી.

આ યોજના હેઠળ , રાજ્યના દરેક પરિવારની દરેક મહિલાને તેના રસનો વ્યવસાય શરૂ કરવા માટે નાણાકીય સહાય આપવામાં આવશે. નાણાકીય સહાયના પ્રથમ હપ્તા તરીકે, દરેક પસંદ કરેલી મહિલાને સીધા બૅંક ખાતામાં દસ હજાર રૂપિયા મળશે. ગ્રામીણ વિકાસ વિભાગ આ યોજનાની નોડલ એજન્સી હશે અને બિહાર ગ્રામીણ આજીવિકા પ્રમોશન સમિતિ, જીવિકા તેનો અમલ કરશે.

આ યોજના હેઠળ , મહિલા ઉદ્યોગસાહસિકોના ઉત્પાદનોના વેચાણ માટે ગામડાઓ અને નગરોમાં સ્થાનિક બજારો અથવા હાટ બજારો વિકસાવવામાં આવશે.

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . . . .

# J&K: VAISHNO DEVI YATRA

જમ્મુ કાશ્મીરમાં શ્રી માતા વૈષ્ણો દેવીની યાત્રા આજે સતત 14મા દિવસે પણ પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓ અને અનેક ભૂસ્ખલનને કારણે સ્થગિત રાખવામાં આવી છે. અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ સતત વરસાદને કારણે ભૂસ્ખલન થયું છે અને મંદિર તરફ જતા રસ્તા બંધ થઈ ગયા છે.

લાંબા સમય સુધી યાત્રા સ્થગિત રહેવાથી શ્રદ્ધાળુઓમાં નિરાશા ફેલાઈ છે , જ્યારે યાત્રા પર આધાર રાખતા સ્થાનિક વ્યવસાયોને પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. વહીવટીતંત્રે જાહેર જનતા અને યાત્રાળુઓને આગામી સૂચના ન મળે ત્યાં સુધી મંદિર તરફ મુસાફરી ટાળવા અપીલ કરી છે.

. . . . . . . .

# IMD

હવામાન વિભાગે આજે રાજસ્થાન અને ગુજરાતના કેટલાક સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે. કચ્છ જિલ્લા વહીવટીતંત્રએ 9 ડેમ ભરાતા નાગરિકોને સાવચેત રહેવા અનુરોધ કર્યો.

કચ્છના નખત્રાણા ખાતે આજે અને આવતીકાલે યોજાનારો ભાતીગળ મોટા યક્ષનો મેળો હાલની અતિભારે વરસાદની આગાહી તેમજ વહીવટીતંત્રની સુચનાઓને ધ્યાનમાં રાખીને બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો - પૂર્વ કચ્છમાં 10 ઇંચ જેટલો વરસાદ નોધાયો છે. દરમિયાન ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદને કારણે શાળા કોલેજો બંધ રાખવામા આવ્યા છે.

આ સાથે મધ્યપ્રદેશ, ઓડિશા, પશ્ચિમ બંગાળના ઉપ-હિમાલયી પ્રદેશ , તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ અને ઉત્તરાખંડમાં આગામી બે-ત્રણ દિવસ સુધી ભારે વરસાદ પડવાની શક્યતા છે. જમ્મુ, હિમાચલ પ્રદેશ, પંજાબ અને મધ્ય મહારાષ્ટ્રમાં આગામી ત્રણથી ચાર દિવસ સુધી હળવો થી મધ્યમ વરસાદ પડશે. આંધ્રપ્રદેશ , બિહાર, કર્ણાટક, ઝારખંડ, કેરળ અને માહે અને તેલંગાણામાં આવતીકાલ સુધી વાવાઝોડા પડી શકે છે. આજે દિલ્હી અને રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં હળવા થી મધ્યમ વરસાદની આગાહી છે

. . . . . . .

# PUNJAB-PM-VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે પૂરની સ્થિતિની સમીક્ષા કરવા માટે પંજાબની મુલાકાત લેશે. તેઓ સ્થાનિક પરિસ્થિતિઓનું વ્યક્તિગત રીતે મૂલ્યાંકન કરશે અને અસરગ્રસ્ત લોકોને મહત્તમ સહાય પૂરી પાડશે.

પંજાબ ભાજપ પ્રમુખ સુનીલ જાખડે કહ્યું હતું કે પ્રધાનમંત્રી પૂરની સ્થિતિ અંગે ખૂબ જ ચિંતિત છે ખાસ નજર રાખી રહ્યા છે. શ્રી જાખરે પુનરોચ્ચાર કર્યો કે કેન્દ્ર સરકાર પંજાબના લોકો સાથે હરસંભવ મદદ માટે તૈયાર છે.. પૂરને કારણે થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે બે કેન્દ્રીય આંતર-મંત્રી ટીમો પણ નિયુક્ત કરવામાં આવી છે.

. . . . . . . . . . . . . . .

# YAMUNA-LEVEL

દિલ્હીમાં યમુના નદીનું પાણીનું સ્તર ભયના નિશાનથી નીચે આવવા લાગ્યું છે. આજે સવારે પાણીનું સ્તર **205.22** મીટર નોંધાયું હતું. સાવચેતીના પગલા તરીકે, યમુનાની આસપાસના નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સુરક્ષિત સ્થળો અને રાહત શિબિરોમાં ખસેડવામાં આવ્યા છે.

. . . . . .

## J&K NATIONAL HIGHWAY

શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પુનઃસ્થાપન કાર્યને કારણે સતત સાતમા દિવસે વાહનોની અવરજવર માટે બંધ રહ્યો છે. અમારા સંવાદદાતાએ અહેવાલ આપ્યો છે કે પુનઃસ્થાપન ચાલી રહ્યું છે , અને સત્તાવાળાઓએ લોકોને વિનંતી કરી છે કે જ્યાં સુધી તે સંપૂર્ણપણે પુનઃસ્થાપિત ન થાય ત્યાં સુધી હાઇવે પર મુસાફરી ટાળવી. ઉધમપુરમાં જખેનીથી શ્રીનગર તરફ અને જખેની અને બાલી નાલા વચ્ચે અવરોધને કારણે આ ધોરીમાર્ગ બંધ રહે છે. દરમિયાન , કેન્દ્રીય મંત્રી ડૉ. જીતેન્દ્રસિંહે જણાવ્યું કે, ભારતીય રાષ્ટ્રીય ધોરીમાર્ગ સત્તામંડળની ટીમો ઉધમપુર જિલ્લાના થાર્ડ અને બાલી નાલા ખાતે નાકાબંધી દૂર કરવા માટે ચોવીસ કલાક કામ કરી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે મોડી સાંજ સુધીમાં ટ્રાફિકની અવરજવર ફરી શરૂ થઈ શકે છે.

. . . . . . .

## REV.J&K-OPERATION GUDDAR

જમ્મુ કાશ્મીરના કુલગામ જિલ્લાના ગુદ્દર વન વિસ્તારમાં થયેલી અથડામણમાં એક આતંકવાદી ઠાર થયો છે જ્યારે લશ્કરના એક જુનિયર કમિશન્ડ ઓફિસર ઇજાગ્રસ્ત થયા છે. અહી આતંકવાદીઓ હોવાની ચોક્કસ માહિતીના આધારે સેના , CRPF અને જમ્મુ કાશ્મીર પોલીસે સંયુક્ત તપાસ અભિયાન શરૂ કર્યું હતું. જે દરમિયાન સામસમો ગોળીબાર શરૂ થયો હતો.

. . . . . . . . . . .

# SECOND PHASE SANCTION

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે રશિયા-યુક્રેન સંઘર્ષ ટૂંક સમયમાં ઉકેલાઈ જશે. ટ્રમ્પે પત્રકારોને જણાવ્યું હતું કે તેઓ રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે વાત કરશે અને યુરોપિયન નેતાઓ પણ સંઘર્ષના સમાધાન માટેની વ્યૂહરચનાઓ પર ચર્ચા કરવા માટે અમેરિકાની મુલાકાત લેવાના છે. છેલ્લ ઘણા વર્ષોથી રશિયા-યુક્રેન સંઘર્ષ ચાલી રહ્યો છે.

. . . . . . . . . . . . . . .